ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના લાભાર્થીઓને નવી યોજના હેઠળ ધિરાણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SCW - ૧૦૧૬ - ૭૨૮૨૪(પાર્ટ.૧) -ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨-૧-૨૦૧૭.

વંચાણે લીધાઃ

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૪-૫-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃસશપ-૧૦૨૦૧૫- NB-૪૫૪-અ.૧

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૬-૩-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃSCW/૧૦૧૬/૭૨૮૨૪/ગ

(3) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫-૬-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃઅવક-૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફાઇલ)/જ.

(૪) ગજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો તા.૧૬-૯-૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃનયો/૧૦૨૦૧૫/૧૦૧૯/પ્રો(૪)/૧૮૧૧

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૯-૧૧-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ SCW - ૧૦૧૬ - ૭૨૮૨૪(પાર્ટ.૧) -ગ

(૬) અધ્યક્ષા, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો તા.૨૫-૧૧-૨૦૧૬ નો પત્ર.

ઠ રા વઃ-

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના લાભાર્થીઓને જે લોન આપવામાં આવે છે તેમાં લાભાર્થીઓ પાસેથી ૧૦ ટકા ફાળો લેવા અંગે ઉકત વંચાણે લીધા- ક્રમ-૩ અને ૫ પરના ઠરાવથી શરત રાખવામાં આવેલ છે. તે રદ કરી સફાઇ કામદારોને આપવામાં આવનાર નાના ઉદ્યોગો, ધંધાઓ, પરીવહન તેમજ અભ્યાસ માટેની લોનમાં ૧૦૦ ટકા લોન રાજય સરકારના ભંડોળમાંથી આપવા મંજુરી આપવા અંગે વંચાણે લીધા-ક્રમ -૬ થી અધ્યક્ષા, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના તા.૨૫-૧૧-૨૦૧૬ ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે પૂજય ઠકકરબાપા સફાઇ કામદાર પુનઃસ્થાપન યોજનામાં લાભાર્થીઓ પાસેથી કોઇ ફાળાની રકમ લેવામાં આવતી નથી તે મુજબ ઉકત વંચાણે લીધા ક્રમ-૫ પરના ઠરાવથી નકકી થયેલ ૧૦ ટકા લાભાર્થી ફાળો લેવાની જોગવાઇ આથી રદ કરવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૪-૧૨-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.બી.ઠાકોર )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

માન.મંત્રીશ્રી(સા.ન્યા) અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

સબંધિત જિલ્લા અધિકારીશ્રીઓ(ગુજ.સ.કા.વિ.નિગમ મારફત)

સેકશન અધિકારીશ્રી,બજેટ,જ,અ.૧,અ,શાખા, સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.

સેકશન અધિકારીશ્રી(કો.સે.) સા.ન્યા.અને અ.વિ. વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.

સિલેકટ ફાઇલ